

ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.2 Issue 11, FEBRUARY 2018 Ahmedabad, (Gujarat)
Page : 32, Rs. 100 Annual



## વૈદ્ય રામસિંહ ગોહિલ

જન્મ વીંછિયા (તા. જસદણ, જિ. રાજકોટ) બચપણથી જ તેજસ્વી વિદ્યાર્થી આયુર્વેદના નિષ્ણાંત. સન્ ૧૯૩૯ના હૈદ્રાબાદ (નિઝામ) સત્યાગ્રહમાં રાજગુરુ ધુરેન્દ્રશાસ્ત્રી (સ્વામી ધ્રુવાનન્દ)ના નેતૃત્વમાં ભાગ લીધો હતો. જેમાં ૨૫ મહિના ગુલબર્ગા જેલમાં જેલવાસ ભોગવ્યો. આર્યસમાજના સમાજસુધારના કાર્યો, વૈદિક ધર્મ પ્રચારમાં સક્રીય. યજ્ઞ, સંસ્કાર અને આશ્રમ પ્રણાલીના હિમાયતી. પોતાના ઘરને આર્યતીર્થ જેવું બનાવ્યું હતું.

# "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦ ૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધ: (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનાંમું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

| | |
|---|---|
| બેંક ખાતાનું નામ | : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા |
| બેંકનું નામ | : યુનીયન બેંક ઓફ ઇન્ડિયા |
| ખાતા નંબર | : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫ |
| IFSC | : UBIN0531332 |

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email : aryasamaj.tnk@gmail.com , gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૮
વિક્રમ સંવત: ૨૦૭૪
વર્ષ:૨ (સળંગ વર્ષ ૩૬)
અંક : ૧૧, ફેબ્રુઆરી - ૨૦૧૮
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઈલ નં.: ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક: હસમુખ પરમાર
મોબાઈલ નં. ૯૮૭૯૩૩૩૩૪૮
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઈલ નં. ૯૦૩૩૦૩૧૧૪૬
પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક : રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા.૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम्।
अप्रतर्क्यमविज्ञेयं प्रसुप्तमिव सर्वतः।।

આ આખું જગત સૃષ્ટિની પૂર્વે પ્રલયમાં અંધકારથી આવૃત્ત હતું... તે સમયે જગત કોઈના જાણવા યોગ્ય ન હતું, તર્કમાં આવવા લાયક ન હતું અને પ્રસિદ્ધ ચિહ્નોથી યુક્ત ઈન્દ્રિયો વડે જાણવા યોગ્ય ન હતું અને હશે પણ નહીં. કિન્તુ વર્તમાનમાં જાણવામાં આવે છે. - મનુસ્મૃતિ ૫/૫

## અનુક્રમણિકા

| | |
|---|---|
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વૈદિક ઉપદેશ | ૫ |
| જિજ્ઞાસા સમાધાન | ૯ |
| મ. દ. રચિત ગ્રન્થ પરિચય | ૧૦ |
| અંધવિશ્વાસ નિવારણ | ૧૧ |
| પિતૃ નડતર એક અજ્ઞાત ભય | ૧૨ |
| બાળ વિભાગ | ૧૩ |
| દયાનંદનું આર્થિક ચિંતન | ૧૭ |
| **ગુજરાતનું ગતિશીલ આર્ય જગત** | |
| આર્યસમાજો દ્વારા પ્રજાસતાક પર્વ | ૧૯ |
| આર્યસમાજ રાજકોટ નેત્રયત્ર | ૨૩ |
| રોજડ ખાતે યોગ શિબિર | ૨૪ |
| આર્યસમાજ ભાવનગર અંધવિશ્વાસ નિરોધક | ૨૫ |
| આર્યસમાજ અડાજણ પુસ્તક મેળો | ૨૫ |
| આર્યસમાજ ગાંધીધામ વાર્ષિક ઉત્સવ | ૨૬ |
| આર્યસમાજ જામનગર ચૂંટણી | ૨૭ |
| વૈદિક વાત્સલ્ય ધામ, નેત્રંગનો પ્રારંભ થશે. | ૨૮ |
| સાહિત્ય યજ્ઞની વધુ આહુતિ | ૨૯ |
| આર્યસમાજ વડોદરા વનવાસી ક્ષેત્રમાં યજ્ઞ | ૩૦ |
| આર્યસમાજ વઢવાણ ચતુર્વેદ સતક યજ્ઞ | ૩૧ |

આધ્યાત્મિક ચિંતન

# ધ્યાન - સુખ, એકાંત - સુખ

- આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુ કૃપાથી આપણને અનેક સુખ પ્રાપ્ત છે. આપણે પણ સુખ જ ઇચ્છીએ છીએ. ઇશ્વરે અનેક પ્રકારનાં સુખોને અનેક વર્ષો સુધી વારંવાર મળતા રહે તેવી વ્યવસ્થા કરી છે. આપણે પણ પ્રતિદિન અનેક સુખોને મેળવીને સંતુષ્ટ થઇએ છીએ. આ સુખ આપણને અનુકૂળ હોય છે. આ અનુકૂળતા મેળવીને આપણે તેનો સદ્દુપયોગ કરવો જોઇએ, આપણે તે કરતા જ હોઇએ છીએ. પ્રત્યેક સુખ અને અનુકૂળતાની પોત પોતાની આવશ્યકતા અને ઉપયોગિતા છે.

પ્રભુકૃપાથી આપણને અનેક સુખ એટલા સુલભ અને સુપરિચિત છે કે નાનું બાળક, કિશોર કે નવયુવાન પણ વગર દેખાડયે - શીખવાડયે તેને મેળવી શકે છે. કેટલાય સુખ બીજાના જણાવવાથી કે શીખવાડવાથી આપણને સરળતાથી મળવા લાગે છે. પરંતુ આ સુખ મોટેભાગે સ્થૂળ સુખ હોય છે, બાહ્ય સ્થૂળ દ્રવ્યોના સંપર્કથી પ્રાપ્ત થાય છે, બાહ્ય ઇન્દ્રિયોથી તેને સહેલાઇથી પ્રાપ્ત કરી શકાય છે. પ્રભુ કૃપાથી આ ખૂબ જ સરળ અને સહજ છે. કારણ કે જીવન જીવવા માટે તે આવશ્યક છે, તેથી પ્રભુએ અત્યંત કૃપા કરીને તેને સર્વસુલભ બનાવ્યાં છે.

પ્રભુએ કૃપા કરીને આ અનેક સુખોથી વધારે સુખ મેળવવાની વ્યવસ્થા આપણા માટે કરી રાખી છે. આ સુખ સૂક્ષ્મ છે, આંતરિક છે, અંતઃકરણથી ગ્રાહ્ય છે. બાહ્ય સ્થૂળ પદાર્થોથી નિરપેક્ષ થઇને તેને મેળવી શકાય છે. આ સૂક્ષ્મ સુખોને પ્રભુએ અત્યંત આહ્‌લાદકારક બનાવ્યા છે. આ સૂક્ષ્મ - સુખ માત્ર સમજદારી - વિવેકની અપેક્ષા રાખે છે. આ સૂક્ષ્મ સુખ વગર ખર્ચે પ્રાપ્ત થાય છે, જેટલું જોઇએ એટલું મળે છે, વધારે સમય સુધી મળે છે અને સર્વત્ર મળે છે. બાહ્યસ્થૂળ સુખોની સરખામણીએ તેમાં ખૂબ જ વધારે સ્વતન્ત્રતા છે, બંધન અને હાનિની સંભાવના નગણ્ય છે.

પ્રભુની કૃપાથી આપણને અનેક પ્રકારના સુખ પ્રાપ્ય છે. પરંતુ આપણે બાહ્ય-સ્થૂળ સુખોમાં વધારે સમય - શ્રમ વાપરી નાખીએ છીએ. આંતરિક - સૂક્ષ્મ - સુખો માટે આપણી પાસે સમય - શ્રમ બચતો જ નથી. જો આપણે પૂર્ણ ઇચ્છાથી થોડો સમય એકાંતના માટે કાઢી શકીએ. તો આંતરિક - સૂક્ષ્મ - સુખના

અનુસંધાન પાના નં. ૧૦ પર

વૈદિક ઉપદેશ

# દેશભક્તિ

- આચાર્ય અભયદેવ વિદ્યાલંકાર ૦ અનુવાદક : વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર

માતા ભૂમિઃ પુત્રોઽ હં પૃથિવ્યાઃ ।
- અથર્વવેદ ૧૨/૧/૧૨

ઋષિ દયાનંદના જીવનથી અને વેદના ઉપદેશ પ્રમાણે જે દેશભક્તિના ગુણનો હું આ મહિના માટે ઉલ્લેખ કરવા માગું છુ જેની આ દેશના (ભારતના) લોકોમાં ખાસ ખામી છે. તેથી જેવી રીતે વૈદિક ધર્મના દરેક બીજા અંગમાં આર્યસમાજના લોકોએ આગેવાન બનવું જોઈએ, તેવી જ રીતે આ દેશભક્તિના જરૂરી ગુણને વિસ્તારવામાં પણ આર્યસમાજીઓ, ભારતવાસીઓ તો ખાસ કરીને પથપ્રદર્શકનું કામ કરવું જોઈએ. જો આપણે એ વાતને સમજીશું તો આપણામાંથી દરેક વ્યક્તિ પોતાનામાં દેશભક્તિનો ગુણ લાવવાનો જલ્દી પ્રબળ પ્રયત્ન કરશે.

એ લખવાની જરૂર નથી, કારણ કે હજી સુધી આર્યસમાજ ભારત સુધી જ સીમિત છે અને આ દેશના બધા લોકો હજી સુધી દેશભક્તિ વિષે બરાબર શીખ્યા નથી. તેથી સ્વાભાવિક રીતે આ લેખમાં ભારત દેશની ભક્તિનું વર્ણન કરીશ. એનાથી વાચકો એમ સમજે કે આ લેખમાં ભારતવાસી વૈદિક ધર્મીઓને દૃષ્ટિમાં રાખીને લખી રહ્યો છું. જોકે સામાન્યતઃ કહી શકાય છે કે બીજા દેશોમાં ઉત્પન્ન થનારા વૈદિક ધર્મીઓને પણ આ જ વૈદિક સિદ્ધાંતો પ્રમાણે પોતાની દેશમાતાની સેવા કરવી જોઈએ અને આ મહાન કાર્યનું પાલન કરતા રહીને સામાજિક સુખ સંપત્તિ વધારીને વૈયક્તિક અને આ મહાન કાર્યનું પાલન કરતા રહીને સામાજિક સુખ સંપત્તિ વધારીને વૈયક્તિક સુખ સંપત્તિ પણ પામીને ધન્ય થવું જોઈએ.

આપણામાં દેશભક્તિની ખામી શા માટે છે? એનું કારણ એ જ સમજાય છે કે આપણે પોતાના હૃદયનો વિસ્તાર કર્યો નથી, પોતાની દૃષ્ટિ વિશાળ બનાવી નથી. મારી ઈચ્છા થયા કરે છે કે દરેક ભારતવાસી પોતાના વિશાળ ઘરને જુએ અને ત્યાં પોતાની વેદોક્ત માતાનાં દર્શન કરે. જો હું તમને ઘર વિષે પૂછું તો તમે કદાચ તમારા નાના સરખા ચાર દિવાલોથી ઘેરાયેલા ઘર તરફ ઈશારો કરશો અને પોતાના બે-ચાર ભાઈ-બહેનોની જનનીને માતા કહીને બતાવશો. પરંતુ આપણે એનાથી ઉપર ઊઠવાનું છે અને ઉપર ઊઠીને પોતાના તે ઘરની પૂજનીય માતાને જોવાની છે, તે બીજી જ છે. એને માટે પોતાના હૃદયને દૂર સુધી વિસ્તૃત બનાવો. હૃદયને ઉઘાડી નાખો. જો તમે ખરી (અસલ) માતાને જોવા ઈચ્છો છો તે એવું જ કરવું પડશે. ત્યારે તમે જોશો કે તમારું વિસ્તૃત ઘર તે છે જે

કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને કચ્છથી કામરાન સુધી ફુલાયેલું છે. એમાં પંજાબ,ઉત્તર પ્રદેશ,બંગાળ,મદ્રાસ વગેરે એવા પ્રાન્તો છે, જેવા કે એક ઘરના ઓરડાઓ હોય છે, આ ઘરમાં બે-ચાર નહિ પરંતુ ૪૦ કરોડ ભાઇ-બહેનો નિવાસ કરે છે. શું હવે તમે તમારી માતાને જોઇ ? આ ૪૦ કરોડ હિન્દુ,મુસલમાન,શીખ,ખ્રિસ્તી વગેરે ભાઇ-બહેનોની જનની પોતાની ઘરડી માતાને ઓળખી ? આ તે માતા છે જેની સેવા માટે જો જરૂર પડે તો આપણે પોતાના બે-ચાર ભાઇ-બહેનોની માતાનો ત્યાગ પણ કરવો જોઇએ અને પોતાના નાના ઘરનું બલિદાન આપી દેવું જોઇએ. આ તે માતા છે જેને હજી સુધી ન ઓળખવાને અને તેથી તેની સેવામાં તત્પર ન થવાને લીધે આપણેઅગણિત દુ:ખો ઊઠાવી રહ્યા છીએ અને સંસારમાં પોતાનુ માથું ઊંચું ઊઠાવીને રહેતા નથી. અને જેની એકમાત્ર સેવાથી જ પછી આપણો ઉદ્ધાર થઇ શકે છે. આ જ સેવા કરવા માટે યોગ્ય અને વંદના કરવા યોગ્ય આપણી માતા છે. ' વંદે માતરમ્ 'ની પવિત્ર ધ્વનિ કરીને દેશભક્તો આ માતાને નમસ્કાર કરે છે. આવો ! વેદધર્મી ભાઇઓ ! આપણે આ માતાની આગળ માથું નમાવીને અને વેદના શબ્દોમાં અનુભવ કરીએ.

माता भूमिः पुत्रोऽहं पृथिव्याः ।

આ માતૃભૂમિ મારી માતા છે. આ વિસ્તૃત પૃથ્વીનો હું પુત્ર છું.

અથર્વવેદના પ્રખ્યાત "પૃથિવી સૂક્ત" નો આ એક ભાગ (વાક્ય) છે. એ એટલો સ્પષ્ટ છે કે સંસ્કૃત ન જાણનારા પણ એનો અર્થ સમજી શકે છે. આ સૂક્તમાં માતૃભૂમિ વિષયનું ઘણું જ્ઞાન લખેલું છે. પરંતુ આપણે જો કેવળ એક વેદવાક્યને જ અપનાવી લઇએ અને એનાથી એમ સમજી જઇએ કે આ ભૂમિ આપણી માતા છે અને આપણે બધાં એનાં પુત્રો છીએ, તો આપણે કંઇના કંઇ બની જઇએ. દરેક ભારતવાસીને પોતાના ભાઇ સમજવા લાગીએ. જેવી રીતે પોતાના માતા-પિતા,ગુરુ,પરમાત્માં વગેરે પ્રત્યે આપણું કર્તવ્ય છે, તેવી જ રીતે આ દેશમાતા પ્રત્યે પોતાના જરૂરી કર્તવ્યોને સમજવા લાગીએ અને એની સેવા માટે પોતાનું બધું અર્પણ કરવા માટે પણ તૈયાર થઇ જઇએ. તો આપણને સમજાશે કે તિલક મહારાજ અને મહાત્મા ગાંધી જેવા અમારા સ્વર્ગસ્થ ભાઇઓ વર્તમાન ભાઇઓ સમયે-સમયે ક્યા પવિત્ર કામ માટે આપણને પોકારી રહ્યા છે. કોની સેવામાં પોતાનું જીવન અર્પણ કરી ગયા અને આપણા સ્વર્ગસ્થ ભાઇઓ કોની સેવામાં પોતાનું જીવન અર્પણ કરી ગયા અને આપણા મહાન રાષ્ટ્રસેવક

આ માતાની સેવાના કાર્યમાં પણ સૌથી વધારે કર્તવ્ય આર્યસમાજનું છે, કારણ કે આજથી ઘણા વર્ષ પહેલા એક ઋષિએ પોતાની આ માતાની દુઃખમયી અવસ્થા જોઇ હતી અને પછી તેમણે આર્યસમાજને જન્મ આપ્યો. તેને ગુલામીના રાજ્યના જમાનામાં પણ પોતાના ચક્રવર્તી રાજ્યની યાદ આવ્યા કરતી હતી. તે સમયે તેણે સાક્ષાત્ જોયું કે માતાના કેવળ હાથ જ બંધાયેલા નથી, એના મોઢામાં જ કપડું ભરાવેલું નથી, પરંતુ તેની છાતી ઉપર શત્રુ પગ મૂકીને ઊભો છે. "આ દેશ વિદેશીઓથી પદાક્રાંત થઇ રહ્યો છે." તેણે માતાના બંધનો છોડાવવા માટે મૌલિક ઉપાય કરવા માટે જ આ સંસ્થાની સ્થાપના કરી હતી એવું આપણે હવે સારી રીતે સમજી શકીએ છીએ. તેમનો પૂરુપૂરો ઉદ્દેશ કેવળ માતાને બંધનમાથી છોડાવીને સ્વતંત્ર જ કરાવવાનો ન હતો પરંતુ સંસારમાં તેની પ્રતિક્ષા સ્થાપિત કરીને તેની પાસે પોતાના જૂના ઋષિમુનિઓએ પ્રાપ્ત કરેલ વૈદિકર્ધમનો ખજાનો સંસારને આપીને શાંતિ ફેલાવવાનો હતો. પરંતુ આપણે અત્યાચાર સુધી શું કર્યુ છે ? વૈદિક ધર્મીઓની આગળ કેટલું મોટું કામ પડેલું છે ?

હવે પરમેશ્વરની કૃપાથી અને ઋષિ દયાનંદ જેવા ભારતીય સંસ્કૃતિના ઉદ્ધારકપુરુષો દ્વારા ક્ષેત્ર તૈયાર થઇ જવાને લીધે તેના ફળરૂપે અને ભારતમાતાના સુપુત્ર દાદાભાઇ નવરોજજી, તિલક, ગોખલે, દાસ, મોતીલાલ નહેરુ, લાજપતરાય, સરદાર પટેલ વગેરે નેતાઓ અને અગણિત બીજા રાષ્ટ્રસેવકોના બલિદાનોથી આજે આપણી માતા તો બંધનમાંથી મુક્ત થઇ ગઇ છે. પરંતુ હવે તો આપણું કાર્ય અને ઉત્તરદાયિત્વ ખૂબ વધી ગયું છે. આ સમયે માતાની સેવાની અને ઉન્નતિની વધારે જરૂર છે. ત્યાગ, બલિદાન અને સમર્પણની વધારે જરૂર છે. જો કે એ હવે જુદા પ્રકારની છે. આપણામાં હજી સુધી પોતાની દેશમાતા પ્રત્યે પર્યાપ્ત જાગૃતિ નથી. ઘણાં નાના નાના દેશોના લોકો પોતાની દેશમાતાને જાણે છે, તેથી બીજી ખામીઓ હોવા છતાં તે લોકો સુખી છે, સમર્થ છે. દેશ ઉપર આવેલી મુશ્કેલીઓનો સારી રીતે સામનો કરી શકે છે. પરંતુ આપણે આટલા મહાન દેશના હોવા છતાં દુર્બળ છીએ. વેદના સંદેશવાહક તરીકે આર્યસમાજનું કર્તવ્ય છે કે તે ભારતમાં એવી જાગૃતિ ઉત્પન્ન કરે કે જેમાં દરેક દેશવાસી પોતાને ભારતમાતાનો પુત્ર માનવા લાગે. તો જ આપણા દેશનું સાચું કલ્યાણ થશે.

તેથી આવો! આ મહિનામાં આપણે ભારતમાતાનાં દર્શન અવશ્ય કરી લઇએ. તેના પ્રત્યે સચેતન અને જાગૃત થઇ જઇએ.

જ્યારે આપણે ભારતને માતા કહીએ છીએ, ત્યારે એ કેવળ કલ્પના નથી હોતી. વેદે જ્યારે પૃથ્વીને માતા કહી છે તો તે કેવળ અલંકારિક વર્ણન

નથી. અમારો ભારત દેશ ખરેખર અમારી માતા છે. ભારતમાતાના સુપુત્ર યોગીરાજ શ્રી અરવિંદ, જેમણે પોતાના રાજનૈતિક જીવનકાળમાં સૌ પહેલાં ભારતના નવયુવકોમાં દેશ પ્રત્યે માતૃભાવના જગાડી હતી, તેનું દર્શન કરાવ્યું હતું, તેઓ કહે છે - અમે પોતાના યૌગિક જ્ઞાન દ્વારા કહીએ છીએ કે ભારતનો આત્મા એવો જ આત્મા છે જેવી રીતે કે દરેક વૈયક્તિક પુરુષનો એક આત્મા હોય છે. ભારતનો તે જ આત્મા અતિ પ્રાચીન કાળમાં, ઋષિ-મુનિઓ વગેરેના કાળથી આ દેશની બધી જાતની ઉન્નતિની આગેવાની કરતો રહ્યો છે.દેશના જુદા જુદા પ્રકારના ભાગ્યવિધાતાઓ તેની જ પ્રેરણાને સમયે સમયે અનુભવ કરતા રહ્યા છે અને આજે પણ કરી શકે છે. તેના પ્રત્યે જ આપણે જાગૃત થવાનું છે. ત્યારે જ આપણે વેદના શબ્દોમાં સાચા અર્થમાં બોલી શકીશું-

माता पृथिवी, पुत्रोड हं पृथिव्याः ।

આવો, છેલ્લે આપણે તે માતાને પ્રાર્થના કરીએ- હે માતા! અમને મહાન બનાવ, મહાન પ્રયત્ન કરનાર બનાવ, ઉદાર ચિત્તવાળા બનાવ, સત્ય સંકલ્પી કર. એવું કર કે જેથી અમે હવે ચેષ્ટા વગરના, આળસુ, ટૂંકી ઇચ્છાવાળા (ક્ષુલ્લક,નાનીનકામી ઇચ્છાવાળા) અને ભયભીત ન રહીએ.

બળવાન, પરાક્રમી,ઉન્નતચિત્તવાળી જાતિ, ભારતના પવિત્ર જંગલોમાં, ઉપજાઉ ખેતરોમાં, આકાશને આંબી લેતા પર્વતોની નીચે, પવિત્રજળવાળી, નદીઓના તીરે, એકતાથી, પ્રેમથી, સાચી, શક્તિથી,શિલ્પાથી,સાહિત્યથી,વિક્રમથી,જ્ઞાનથી શ્રેષ્ઠ બનીને નિવાસ કરીએ. માતાના ચરણોમાં એ જ પ્રાર્થના છે. હે માતા! પ્રકટ થાઓ.(નોંધ: આ પ્રાર્થના શ્રીઅરવિંદે શ્રી લખેલ દુર્ગાસ્તોત્રમાંથી લીધી છે.)

અનુસંધાન પાનાં. ૧૧ પરનું ચાલુ...

## અંધશ્રદ્ધા અને તેનું નિવારણ

જ્યોતિષીઓની પોથીઓમાં માત્ર ગ્રહો-ઉપગ્રહો, નક્ષત્રો વગેરે આકાશીય પિંડોની સ્થિતિની જાણકારી હોય છે, જેને પંચાગ કહે છે. નક્ષત્ર વિદ્યા બિલકુલ સાચી છે, કારણ કે તે વેદોનું અંગ છે અને ભણ્યા વિના સૃષ્ટિચક્રનું જ્ઞાન અધૂરૂ રહી જાય. એટલું નક્કી સમજવું કે આ જ્યોતિષીઓની કપોળ કલ્પિત ફળાદેશની વિદ્યા એકદમ ખોટી છે. ફલિત વિદ્યા એ જ્યોતિષ વિદ્યા નથી. આથી આ કહેવાતા જ્યોતિષીઓની ભ્રમજાળમાં ફંસાવું જ જોઇએ. જી-જાન લગાવી પુરુષાર્થ કરીને પોતાના ભાગ્યનું નિર્માણ આપણે જ કરવું જોઇએ. ઇશ્વરીય ન્યાય વ્યવસ્થા ઉપર વિશ્વાસ રાખવો જોઇએ.

હાથની રેખાઓ કે કપાળની રેખાઓનો આપણા ભાગ્ય સાથે કોઇ સંબંધ ન હોવો જોઇએ.



# જિજ્ઞાસા - સમાધાન

- આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસાઃ જીવ શરીરમાં ભિન્ન વિભુ છે કે પરિચ્છિન્ન ? જો પરિચ્છિન્ન હોય તો જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ, જન્મ, મરણ, સંયોગ, વિયોગ, આવવું-જવું કરાવ્યો ન થઈ શકત. (સત્યાર્થ પ્રકાશ સાતમો સમુલ્લાસ) અહીં જવું કોના માટે છે? જીવ કે શરીરનું?**

- જ્ઞાનપ્રકાશ કુકરેજા, ૭૬૯/૮, અર્બન એસ્ટેટ, કરનાલ, (હરિયાણા)

**સમાધાન :** અહીં મહર્ષિ દયાનંદ ઇશ્વર અને જીવની તુલના કરીને જીવનું સ્વરૂપ જણાવી રહ્યા છે કે જીવ શરીરમાં વિભુ નહીં પરંતુ પરિચ્છિન્ન છે. આમ કહીને એના કારણો લખ્યા છે. કારણો અંગે ચર્ચા કરતા પહેલા વિભુ અને પરિચ્છિન્ન શબ્દોને સમજી લઇએ. વિભુ કહે છે - સર્વવ્યાપક સર્વગત, સર્વોપરિને આ અર્થો (ગુણ) જીવને ક્યારેય લાગુ ન પડી શકે. પરિચ્છિન્નનો અર્થ છે - સીમિત, પરિસીમિત, સીમાબદ્ધ, એકદેશીય આ જ અર્થો જીવને લાગુને લાગુ ,ડે છે. જીવ વિભુ નહીં પરંતુ પરિચ્છિન્ન હોવા અંગ કારણ રજુ કરતા મહર્ષિ કહે છે કે જો વિભુ હોત તો જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ એ શરીરમાં રહેલા જીવની અવસ્થાઓ છે. જન્મ-મરણ, શરીરનું મળવું અને શરીરનું છૂટવું એ એકદેશીય પરિચ્છિન્ન જીવને માટે છે. સંયોગ-વિયોગ, શરીર સાથે સંયોગ અને તેનાથી વિયોગ જીવાત્માનો થાય છે. અથવા શરીરના માધ્યમથી આત્મા કોઇ અન્ય સાથે જોડાય છે. અને છૂટો પડે છે. આ જ રીતે સંસારમાં આત્મા શરીરમાં રહીને આવવું-જવું કરે છે અને મોક્ષમાં પરમેશ્વરના આધારે પરિચ્છિન્ન જીવ આવવું-જવું કરે છે, એટલે કે આ આવવું-જવું એ જીવ શરીરના માધ્યમથી કરે છે. અન્ય કેટલાંક પ્રમાણ આત્માના પરિચ્છિન્ન હોવા અંગે લખવામાં આવે છે.

"एषोऽणुरात्मा चेतसा वेदितव्यः।"

(મુ. ૩/૧-૯)

એટલે કે આ અણુ (પરિચ્છિન્ન) આત્મા શુદ્ધ અંતઃકરણ દ્વારા જાણવા યોગ્ય છે.

बालदेकमणीयस्कमुतैकं नैव दृश्यते।
ततः परिष्वजीयसी देवता सा मम प्रिया।।

(અથર્વ. ૧૦-૮-૨૫)

અર્થઃ જીવાત્મા બાળ કરતા પણ સૂક્ષ્મ છે અને એક પ્રકૃતિ છે જે દેખાતી નથી. આ બંનેમાં જે વ્યાપ્ત દેવતા છે, તે જ મને પ્રિય છે. આ જ બાબતને શ્વેતાશ્વરમાં વધુ સ્પષ્ટ કરવામા આવે છે.

बालाग्रशतभागस्य शतधा कल्पितरूप च।
भगो जीवः स विज्ञेयः स चानन्त्याय कल्पते।।

(શ્વેતા. ૫/૯)

વાળના આગળના ભાગના સો ભાગ કરવામાં આવે, તેમાંથી એક ભાગ લઈને તેના સો ભાગ કરવામાં આવે, તે એક ભાગ માપનો જીવ છે અને તે મુક્તિ મેળવવામાં સમર્થ છે.

# આવો, પરિચય કરીએ
# મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...



**મહર્ષિ દયાનંદના વ્યાકરણ વિષયનાં ગ્રંથો :-**

(ગતાંકથી ચાલુ...)

(૧૦) પારિભાષિક
(પરિભાષા પાઠ નામના સ્વતંત્ર ગ્રંથની વ્યાખ્યા)
સંશોધક : પં. જવાલાદત્ત
રચનાકાળ : આસો વદ ૩૦ સંવત્ ૧૯૩૯

(૧૧) ધાતુપાઠ (પાણિનિમુનિ કૃત મૂળ ગ્રન્થ)
અકારાદિ ક્રમથી વિસ્તૃત ધાતુ સૂત્ર સાથે)
સંશોધક : પં. જવાલાદત્ત
પ્રકાશન : કારતક સુદ - ૨ સંવત ૧૯૪૦



(૧૨) ગણપાઠ (પાણિનિમુનિકૃત મૂળ ગ્રન્થ)
સંશોધક : પં. જવાલાદત્ત
રચનાકાળ : માઘ સુદ ૧૦ સંવત્ ૧૯૩૯
પ્રકાશન : શ્રાવણ વદ ૧૪ સંવત્ ૧૯૪૦


(૧૩) ઉણાદિકોષ (પાણિની પ્રણીત)
ઉણાદિ સૂત્ર નામના સ્વતંત્ર ગ્રન્થની સરળ અને સુબોધ વ્યાખ્યા.
લેખક - સ્વયં દયાનંદ સરસ્વતી
રચનાકાળ - માઘ વદ સંવત્ ૧૯૩૯
પ્રકાશન - આસો વદ - ૩ સંવત્ ૧૯૪૦

અનુસંધાન પાનાં. ૪ પરનું ચાલુ...

## આધ્યાત્મિક ચિંતન

રસનો સ્વાદ મળતા જ ફરી તેને છોડી નહીં શકીએ. પછી તો જ્યારે પણ સમય મળશે, એકાંત હોય કે ભીડમાં, ગમે ત્યાં આ આંતરિક સુખ લેવામાં સમર્થ થતાં જઇશું. પ્રભુકૃપાથી આપણને આ અભ્યાસ કુશળ બનાવી દે છે.

પ્રભુની અનેકવિધ કૃપાનો ભરપૂર લાભ ઉઠાવવાનું સામર્થ્ય મેળવવું આપણો અધિકાર છે. અધિકાર માટે કંઇક કર્તવ્ય નીભાવવું પડે છે. પ્રભુકૃપાથી આપણે આ કરી શકીએ છીએ. એકાન્ત સુખ અથવા કહો કે ધ્યાન-સુખ લેવામાં કુશળ થવાથી જ્ઞાત થઇ જશે કે આ સુખ અધિક સરળ, અધિક સહજ અને અધિક અનુકૂળ છે. આ સુખને મેળવ્યા પછી જ વાસ્તવિક આધ્યાત્મિક પ્રગતિનો પ્રારંભ થાય છે. પ્રભુએ કૃપા કરીને સઘળા સાધન આપી દીધાં છે. આપણે તેનો ઉપયોગ પણ કરી શકીએ છીએ. પ્રભુ દ્વારા દેખાડવામાં આવેલો માર્ગ પરમ કલ્યાણકારક છે, તેના દ્વારા પ્રદત્ત સાધન સદા પરમકલ્યાણકારક છે.



# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

**અંધ વિશ્વાસ - હસ્તરેખા તથા લલાટ (કપાળ) રેખા જોઈને જ્યોતિષી આપણાં ભાગ્યની ભવિષ્યવાણી કરી શકે છે.**

**નિવારણ :** હસ્તરેખા તથા લલાટરેખા મનુષ્યના પોતાનાં કર્મોના આધારે બને છે. મનુષ્ય જેવું ચિંતન તથા કાર્ય કરે છે, તે જ પ્રમાણે હસ્તરેખાઓ બદલતી રહે છે. કઠોર પરિશ્રમ કરનારના હાથ કઠોર હોય છે. તથા કલાકારોના હાથ નરમ હોય છે, જેઓ ખૂબ વિચારશીલ હોય છે જેમ કે - વૈજ્ઞાનિક, ડોકટર, તત્વજ્ઞાની વગેરેના મસ્તકની રેખાઓ ખૂબ ઊંડી હોય છે, તેમજ જે વ્યક્તિ પ્રસન્નવદન અને નિશ્ચિંત રહેતા હોય છે તેમના કપાળની પર હલ્કી રેખાઓ બની જાય છે. આ રેખાઓ જોઇ કોઇનું ભવિષ્ય જાણી શકવું તે અસંભવ છે.

અહીં પહેલા એ સમજવું જરૂરી છે કે ભાગ્ય કોને કહે છે. આપણાં સંચિત કર્મોના ફળ જ્યારે મળે છે. ત્યારે તેને ભાગ્ય કહે છે. પૂર્વ જન્મમાં કરેલા કર્મોને આપણે પોતેજ જાણી શકતા નથી તો અન્ય કઇ રીતે જાણી શકે ? જો કોઇ આપણાં કર્મોને નથી જાણતા તો તેના ફળને કઇ રીતે જાણી શકે? ઈશ્વર સિવાય કોઇ પણ આપણે પૂર્વમાં કરેલ કર્મો અને તેના ફળ (ભાગ્ય)ને ઇશ્વર સિવાય કોઇ પણ જાણી શકતા નથી. સાથે એ પણ સત્ય કે ભલે આપણે પૂર્વજન્મમાં કરેલા કર્મોને જાણી શકતા નથી પરંતુ જ્યારે તેનું ફળ (સુખ - દુઃખ) ભોગવીએ છીએ તો આપણે ભાગ્યનો સ્વીકાર કરવો પડે છે, કારણ કે કોઇ પણ કાર્ય અકારણ થતું નથી. જ્યારે આપણે જોઇએ છીએ કે દરેક મનુષ્યોનાં ભાગ્ય અલગ-અલગ છે તો એનું કોઇ તો કારણ હશે જ.... મનુષ્ય પોતાના ભાગ્યનો પોતે જ નિર્માતા છે. હાથ ઉપરની રેખાઓ જોઇને આપણાં ભવિષ્યને કોઇ પણ બતાવી શકે નહીં.

જ્યોતિષીઓની ભવિષ્ય વાણીઓ માત્ર સંભાવના હોય છે. ક્યારેક સાચી પડે છે તો ક્યારેક બિલકુલ ખોટી હોય છે. દરેક કર્મોનું ફળ યા તો સારૂ હોય છે અથવા ખરાબ હોય છે. કેટલાંક મિશ્રિત ફળ પણ હોય છે. પરંતુ હસ્તરેખા કે લલાટ રેખાઓને જોઇને ભવિષ્યવાણી કરવી એ સરાસર મૂર્ખ બનાવવા સિવાય કશુ નથી. ભાગ્ય બદલશે તો તે પણ આપણા કર્મો વડે જ. બે જ્યોતિષીને મળશો તે તે પણ અલગ-અલગ બતાવશે. એકની ભવિષ્યવાણી સંભાવનાવશ સાચી પડશે તો બીજાની ખોટી પડશે. આથી એ લોકોના ચક્કરમાં પડયા વિના પુરુષાર્થ કરવો અને ઇચ્છિત ફળ મેળવવું. અનુસંધાન પાના . ૮ પર...

પિતૃ નડતર એક અજ્ઞાત ભય !



# અરેરે ! મહેતાભાઈ, તમારા પિતૃઓને શું થતું હશે !!

– બળદેવભાઇ ઓઝા

મારું જૈન મિત્રમંડળ છે. જેમાં વેપારી કારખાનેદાર, બેંક, ઓફિસર અને શેર સટ્ટાનાં ખેરખાં જેવા અવનવા મિત્રો છે. અમે મળીએ ત્યારે અલક મલકની વાતો અને બૌદ્ધિક ચર્ચાઓ કરતા હોઇએ. પિતૃ નડતરની વાત નીકળી. મારા મિત્ર મહેતાભાઇએ કહ્યું. –

"અમે જૈનો પિતૃ નડતરમાં ના માનીએ. જીવનમાં ચડતી પડતી આવે એ બધું કર્મફળ અને ભાગ્ય પ્રમાણે થતું હોય છે. અને આપણાં પિતૃઓ આપણને થોડા નડે ?"

મેં મજાકમાં કહ્યું –

"ત્યારે તમને ખબર નથી. પિતૃ નડે એવું કોઇ ના નડે. અમને તો વાતે વાતે નડે છે. છતાં બચી જઇએ છીએ. કારણ કે અમારી પાસ અઢળક ભૂવાઓ છે. તમારે એકેય નથી. પિતૃ નડવાનું શરૂ કરે તો તમારું આવી જ બને. ભૂવા વિના."

દોશીભાઇએ માર્મિક ટોણો માર્યો.

"તમે લોકો કેવા છો ? પિતૃ નડતરની તમારી થિયરી જ ભૂલ ભરેલી છે. જે કોઇએ આ પ્રથા શરૂ કરી હશે એણે લાંબી દૃષ્ટિ વાપરી નથી. પોતાના પિતૃ પોતાનાને નડે ! આ વ્યાપારી બુદ્ધિ ન ગણાય. એના બદલે પાડોશીના પિતૃ કે પછી જેની સાથે આપણને અણબનાવ હોય એના પિતૃ નડે છે એવું ગોઠવ્યું હોત તો સારૂ હતું. પેટ ભરીને બીજાને બદનામ તો કરી શકાય..."

"અને હા. પાડોશી પાસે નુકશાનીનો દાવો પણ માંડી શકાય એમના પિતૃઓ આપણને નુકશાન કરે છે. એવું ભૂવા દ્વારા સાબિત થાય તો વળતરનો દાવો માંડી શકાય..."

કોઠારીભાઇએ પણ મમરો મૂક્યો–


"જ્યાં સુધી વેપારી દૃષ્ટિ ન હોય ત્યાં આવી ત્રુટી રહી જાય. એકવીસમી સદી શરૂ થઇ છે. પિતૃ નડતરના તમારા કાયદામાં હજુ પણ ફેરફાર કરી શકાય. વિટંબણા આવે ત્યારે પોતાના બદલે પારકાના પિતૃનો દોષ છે એવી નવી જોગવાઇ કરવી જોઇએ."

બહુમતી એમની હતી એટલે હું ચુપ રહ્યો. તેમ છતાં મનમાં બળતરા થઇ. આ લોકો પિતૃઓના તર્પણ માટે કોઇ વિધિ કરતા નથી. તરસ્યા પિતૃઓને પાણી પાતા નથી. એરેરે ! એમના પિતૃઓની શી દશા થતી હશે ?





મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 'વ્યવહારભાનુ' પુસ્તકમાં શિક્ષાપ્રદ દૃષ્ટાંતો આપેલાં છે. જેના આધારે ભારત મકવાણાએ બાળકો માટે ચિત્રકથા તૈયાર કરી છે. જેનુ પ્રકાશન આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ દિલ્લી દ્વારા કરવામાં આવેલ છે. 'આર્ય વૈદિક દર્શન'ના બાળ વિભાગમાં તેનો ગુજરાતી અનુવાદ ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવે છે. વડીલો પોતાના બાળકોને એ વાંચવા પ્રેરણા આપશે એવી આશા છે. - સહસંપાદક


# આત્મા અને પરમાત્મા - સાક્ષી





* बच्चो ! विद्यार्थियों को हमेशा अपने 'बड़ों का' और गुरुजनों का आदर करना चाहिए और उनकी आज्ञा का पालन करना चाहिए। और विवेकी गुरुजनों को भी यदा-कदा अपने विद्यार्थियों की समझ और विवेक का परीक्षण करना चाहिए। उदाहरण: विद्वान गुरु व विद्यार्थी।





* बच्चो! उतावलापन अच्छी बात नहीं। हर काम में अपने विवेक का प्रयोग करना चाहिए। बड़ों की बात ही नहीं, उसके पीछे उनका उद्देश्य भी समझना चाहिए। देखो: पहले विद्यार्थी ने केवल उतावलापन दिखाया, जबकि दूसरे ने विवेक से काम लिया।




* बच्चो! दिया हुआ कार्य समय पर समाप्त कर बड़ों को दिखाना अच्छी आदत होती है। इससे आपकी तरक्की होती है और बड़ों का प्यार व स्नेह मिलता है। उदाहरण: दोनों विद्यार्थी।




* बच्चो। 'कोई नहीं देख रहा' ऐसा सोचकर कभी गलत काम, पाप मत करना। ऐसा करके हम माता, पिता, गुरु, पुलिस की नजर और सजा से तो शायद बच जाये, पर परमात्मा की नजर और सजा से नहीं बच सकते। देखो- दूसरे विद्यार्थी की सोच व विवेक।

# દયાનંદનું આર્થિક ચિંતન

- ડૉ. ભવાનીલાલ ભારતીય

દયાનંદની રાષ્ટ્રીય તથા રાજનૈતિક વિચારધારા સાથે જ સંબંધ ધરાવે છે તેમનું આર્થિક ચિંતન. દેશવાસીઓની ઘોર દરદ્રિતા, ખેડૂત વર્ગનું ભયંકર શોષણ અને મધ્યમ વર્ગમાં જીવન ગુજારતા આમ ભારતવાસીઓની દુઃખો અને કષ્ટોથી ભરેલી જિંદગી જોઇને તેમણે પોતાના જીવનમાં અનેક વાર આકુળતા-વ્યાકુળતા પ્રગટ કરી હતી. દયાનંદના જીવનમાં જ એવા પ્રસંગો આવ્યા છે, જ્યારે આપણે જોઇએ છીએ કે સાંસારિક માયા-મમતાથી તદ્દન મુક્ત રહીને એક પરિવ્રાજકનું નિઃસંગ જીવન વ્યતીત કરતા આ નિરીહ સંન્યાસી પોતાના દેશની આર્થિક દુર્દશા જોઇને રડી પડતા હતા. હકીકતમાં દયાનંદને એ વાતનો અનુભવ થઇ ગયો હતો કે વિદેશી શાસકો જે નીતિના આધારે દેશનું શાસન કરી રહ્યા છે, તેના પરિણામ સ્વરૂપે જો આ દેશ આર્થિક દૃષ્ટિએ પૂરેપૂરો દેવાળિયો પણ થઇ જાય તો એમા કુંય નવાઇ પામવા જેવું નથી.

દેશને આર્થિક દૃષ્ટિએ સમૃદ્ધ કરવા માટે દયાનંદે અનેક યોજનાઓ ઘડી હતી અને તેઓએ યોજનાઓને અમલને અમલમાં મૂકવા ઇચ્છતા હતા. પ્રથમ તો તેઓએ અનુભવ કરી રહ્યા હતા કે યુરોપમાં ઔદ્યોગિકરણની જે લહેર ઊઠી છે, તેનાથી વિશ્વનો કોઇ પણ દેશ અપ્રભાવિત રહી શકવાનો નથી. ભારતમાં પણ યંત્રોદ્યોગો નિરંતર સ્થાપિત થઇ રહ્યા હતા અને દેશ ધીમે ધીમે મોટા ઉદ્યોગને પણ અપનાવી રહ્યો હતો. પરંતુ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક જાણકારીની બાબતમાં ભારતવાસીઓ હજુ બહુ જ પછાત હતા. આથી સ્વામી દયાનંદની એવી હાર્દિક ભાવના હતી કે ભારતવાસીઓ યુરોપ જઇને ઔદ્યોગિક પ્રશિક્ષણ પ્રાપ્ત કરે અને પછી ભારત પાછા ફરી સ્વદેશના આર્થિક વિકાસમાં પોતાનું યોગદાન આપે. જર્મનીના પ્રો. જી. વીજે સાથે તેમનો આ અંગે થયેલો પત્રવ્યવહાર આ જ વાતનો દ્યોતક છે.

દયાનંદ એક તરફ વાણિજ્ય, વ્યવસાય અને ઔદ્યોગિકરણના વિકાસના હિમાયતી હતા, તો બીજી તરફ ગૃહઉદ્યોગો તથા ગ્રામિણ આર્થિક પરિસ્થિતિઓથી પણ તેઓ અપરિચિત ન હોતા. તેમણે ગોવધ-નિષેધનું જે મહાભિયાન ચલાવ્યું હતું, તેની પાછળ કોઇ પણ પ્રકારનો ધાર્મિક ભવાવેશ કે અન્ય પ્રકારનો તર્ક ન હોતો. ગૌરક્ષાના પ્રશ્નને તેઓ વિશુદ્ધ આર્થિક દૃષ્ટિએ જ જોતા હતા. જેમ તેઓ ગૌવધથી થતા દેશના આર્થિક વિનાશની કલ્પના કરતા

હતા, તેમ સાથોસાથ તેઓ બળદ, ભેંસ, બકરી વગેરે તમામ પશુઓના સંરક્ષણ સંવર્ધનને પણ જરૂરી સમજતા હતા કે જે ભારતના ગ્રામીણ અર્થશાસ્ત્રના મેરુદંડ સમાન છે. ગોરક્ષાની પાછળ દયાનંદનું અર્થશાસ્ત્રપ્રવણ મસ્તિષ્ક જ ચિંતનરત હતું.

દયાનંદ ખેડૂત વર્ગને અત્યંત ઉચ્ચ સ્થાન આપ્યું છે. સત્યાર્થપ્રકાશના છઠ્ઠા સમુલ્લાસમાં તેમણે લખ્યું છે: એ વાત ઠીક છે કે ખેડૂત વગેરે પરિશ્રમ કરનારાઓ રાજાઓના પણ રાજા છે, અને રાજા તેમનો રક્ષક છે. તેઓ ખેતીને ભારતની આર્થિક વ્યવસ્થાનો મુખ્ય આધાર માનતા હતા. રાજસ્થાનનાં ઉદયપુર, શાહપુરા અને જોધપુરના શાસકોને ઉપદેશ આપતાં તેમણે આ જ વાત પર વધારે ભાર મૂક્યો હતો કે, ક્ષત્રિયોનું મુખ્ય કર્તવ્ય પ્રજાપાલન જ છે; એ જો તેઓ પોતાની પ્રજાની સ્થિતિને સુખદ, સંતોષપ્રદ અને આમોદપ્રમોદ યુક્ત રાખી શકવાને સમર્થ ન હોય, તો શાસનની બાગડોર પોતાના હાથમા રાખવાનો પણ તેઓને કોઇ જ અધિકાર નથી. ખેડૂતની દશા સુધારવા માટે દયાનંદ આ શાસકોને ક્યારેક ક્યારેક વ્યાવહારિક ઉપદેશ પણ આપતા હતા.

ઉપર્યુક્ત પંક્તિઓમાં આપણે દયાનંદના વિચારો અને તેમની ચિંતન-પ્રણાલીનું વિહંગાવલોકન કરવાનો પ્રયાસ કર્યો છે. આમ તો નિરંતર કર્મઠ જીવન વ્યતીત કરનારા અને સમાજ, રાષ્ટ્ર અને માનવતાને પોતાના પ્રખર વ્યક્તિત્વથી પ્રભાવિત કરનાંરા મહાપુરુષોના વૈચારિક ધરાતલને માપવાનું કાર્ય સહજ નથી હોતું. તેમ છતાં દયાનંદના જીવનનું વિસ્તૃત આકલન કર્યા બાદ તેમના વિચારોનું ઉક્ત પૃષ્ઠોમાં કરવામાં આવેલું વિશ્લેષણ એ સત્યની ઘોષણા કરવાને માટે પર્યાપ્ત છે કે સ્વામીજીનાં સમસ્ત કાર્યો અને વિચારો જેમ વિશ્વમાનવની ભૂમિકા પર પણ પ્રતિષ્ઠિત કરે છે. દયાનંદના વિચારો અને ઉપદેશો, તેમની આકાંક્ષાઓ અને કલ્પનાઓ સમસ્ત માનવસમાજના અભ્યુત્થાનને દિશા-બોધ આપે છે તેમના સિદ્ધાંતો અને મંતવ્યો સાર્વભૌમ છે, સાર્વકાલિક છે, સાર્વજનીન છે. તેમની પ્રખર રાષ્ટભક્તિ માનવજાતિ એક છે; ભાષા, ધર્મ, વંશ અને રંગના વિભેદ કાલ્પનિક છે, માનવ-નિર્મિત છે. જે યુગમાં દયાનંદ પેદા થયા એ યુગ કરતા આગળના-આવનારા યુગની વાતોનો વિચાર કરવાને લીધે જ તેઓ ઋષિ છે. તેમની દૂરદર્ષિતા, તેમનો યુગ-બોધ, સમય-શક્તિઓની પિછાન-ઓળખ, બધું જ અપૂર્વ છે. આવા ઋષિઓની વંદના કરતા ઋગ્વેદના દૃષ્ટાએ કહ્યું હતું.

# ગુજરાત નું ગતિશીલ....... આર્યજગત

## આર્યવીર દળ ટંકારાએ ઉજવ્યો ૬૯મો ગણતંત્ર દિવસ
# ટંકારા તાલુકાની દેશભક્તિ સ્પર્ધા યોજાઇ



આર્યસમાજ ટંકારાની યુવાપાંખ આર્યવીર દળ દ્વારા પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ તાલુકા કક્ષાની દેશભક્તિ ગીત સ્પર્ધા રાખવામાં આવે છે, જેમાં બહોળી સંખ્યામાં સ્પર્ધકો ભાગ લે છે અને પોતાની રાષ્ટ્રભાવના વ્યક્ત કરે છે. છેલ્લા ૩૩ વર્ષથી અવિરત સ્પર્ધા યોજાતી હોવાથી હવે આ કાર્યક્રમ માત્ર આર્યસમાજ ટંકારાનો કાર્યક્રમ ન રહેતા સમસ્ત જનતાનો બની ગયો છે. જેને તમામ પ્રકારે મળતુ સમર્થન એનો પુરાવો છે. ગત તા. ૨૫મી જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ૩૪મી ટંકારા તાલુકા દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઇ ગઇ. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમ આર્યસમાજ મંદિરમાં નહીં પરંતુ જાહેરમાં રાખવામાં આવે છે. આથી આ વર્ષે ટંકારાની લક્ષ્મીનારાયણ સોસાયટીના વિશાળ મેદાનમાં રાખવામાં આવેલ હતો. આશરે ત્રણ હજાથી પણ વધારે જનમેદની હાજરીમાં રાત્રે ૮.૩૦ થી ૧.૩૦ સુધી ચાલેલ આ કાર્યક્રમમાં રાષ્ટ્રપ્રેમી દાતાઓએ પણ પોતાની ઉદારતાનો પરિચય આપ્યો હતો અને વસ્તુરૂપે તથા રોકડ પુરસ્કારોની વર્ષા કરી હતી.

સ્પર્ધામાં ૧૫૦ જેટલાં સ્પર્ધકોએ પોતાની નોંધણી કરાવી હતી. જેનો પ્રથમ પસંદગી રાઉન્ડ તા. ૨૨ ના રોજ નિષ્ણાંતોની હાજરીમાં રાખવામાં

આવેલ હતો. જેમાં ૨૯ સ્પર્ધકોને અંતિમ રાઉન્ડ માટે પસંદ કરવામાં આવેલ હતાં. સંગીતની સૂરાવલીઓના સંગાથે હજારો લોકોની હાજરીમાં આ સ્પર્ધકોએ વિદ્વાન નિર્ણાયકોની હાજરીમાં પોતાની કલાની અભિવ્યક્તિ કરી હતી. સ્પર્ધાના અંતે નીચે મુજબ વિજેતા જાહેર થયા હતાં.

વિભાગ-અ(૧૫ વર્ષથી નીચેની વયના)

૧. ફેફર ધ્રુવી

૨. કડિવાર ધ્રુવી

૩. હાપલિયા ઉર્વિશા

વિભાગ-અ(૧૫ વર્ષ થી ૩૦ વર્ષની વય સુધી)

૧. ભાર્ગવ દવે

૨. વિવેક આર્ય

૩. કપિલદેવ આર્ય

નિર્ણાયક તરીકે સેવા આપનાર હતાઃ


૧. શ્રી હેમંતભાઇ જોષી

૨. શ્રી હિતાર્થભાઇ ભટ્ટ


૩. શ્રી મનોજભાઇ નથવાણી

૪. શ્રી રજનીકાંતભાઇ મોરસાણીયા

આ પ્રસંગે જ્ઞાનજ્યોત વિદ્યાલય, લજાઇ (તા. ટંકારા)ના વિદ્યાર્થીઓએ "દેશ ધર્મ કે પરવાને" શીર્ષક હેઠળ આઝાદી સંગ્રામના શહીદોની ભાવવિભોર ગાથા રજૂ કરી સૌની પ્રશંસા અને પ્રોત્સાહનના અધિકારી બન્યા હતા.



કાર્યક્રમમાં દાતાઓશ્રી બેચરભાઇ ઘોડાસરા, શ્રી અરવિંદભાઇ બારૈયા, શ્રીનાથજી જવેલર્સ (મોરબી), રોયલ ટચ સિરામિક, લક્ષ્મીનારાયણ યુવક મંડળ-ટંકારા વગેરેનું સન્માન કરવામાં આવેલ



હતું.

આ પ્રસંગે આર્યસમાજ ટંકારાના અધિકારીઓ, સદસ્યો, ઉપદેશક મહાવિદ્યાલયના આચાર્ય રામદેવ શાસ્ત્રી વિવિધ શાળાઓનાં આચાર્યો, શિક્ષકો, પત્રકારો અને ટંકારા તથા આસ-પાસના ગામો તેમજ રાજકોટ અને મોરબીથી રાષ્ટ્રપ્રેમી ભાઇ-બહેનોએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

સમગ્ર સ્પર્ધાનું આયોજન આર્યવીરો પરેશ કોરિંગા, હિમાંશુ જોષી, ચિરાગ કટારીયા અને રજનીકાંત મોરસાણીયાએ કર્યુ હતું. મંચ સંચાલન લોકસાહિત્યકાર ભરતભાઇ વડઘાસિયાએ કર્યુ હતું.

તમામ વિજેતાઓને આર્યવીર દળ ટંકારા દ્વારા શીલ્ડ તથા વિવિધ સંસ્થાઓ અને રાષ્ટ્રભક્તો દ્વારા રોકડ તેમજ વસ્તુરૂપે પુરસ્કારોથી નવાજવામાં આવ્યા હતાં. પુરસ્કારોની સંખ્યા એટલી હતી કે સ્પર્ધકના એકલા હાથે તે ઉપાડી શકવા મુશ્કેલ હતા..

અંતમાં નિર્ણાયકોએ પણ પોતાના બુલંદ સ્વરમાં રાષ્ટ્રભક્તિનાં ગીતો રજૂ કરી શ્રોતાઓમાં ઉત્સાહ ભરી દીધો હતો. વંદેમાતરમ્‌ના સામૂહિક ગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

અનુસંધાન પાના નં ૨૯ પરનું ચાલુ...

## સાહિત્ય યજ્ઞનું નવું સોપાન

આવી. આ પુસ્તકના પૃષ્ઠ ૫૬ છે. જેની કિંમત રૂા. ૮-૦૦ છે અને ૧૦૦ પ્રતના અગ્રિમ સહયોગી નામ અને ૩૦૦ પ્રતના અગ્રિમ સહયોગીના ફોટા છપાશે.

આપશ્રીની જરૂરિયાત મુજબ પ્રતના નાણાં Nathalal Keshabhai Dodoya ભરૂચના યુનાઇટેડ કોર્મશીયલ બેંક ભરૂચના ખાતા નં. ૦૩૧૧૦૧૦૦૦૦૨૪૩૩, IFSC Code : UCHA000311 માં જમા કરી તેની નકલ મોકલવા વિનંતી.

અમોને આશા છે કે આ પુસ્તકોના અગ્રિમ સહયોગી બની આપણા સૌના આ સ્વાધ્યાય યજ્ઞમાં આપની પાવન આહુતિ ઉપર્યુક્ત સરનામે તા. ૨૫-૨-૨૦૧૮ સુધીમાં મોકલવા વિનંતી છે.

# આર્યસમાજોએ ઉજવ્યું
# રાષ્ટ્રીય પર્વ





**આર્યસમાજ જૂનાગઢ** દ્વારા ૬૯મો પ્રજાસત્તાક દિવસ મેંદરડા ખાતે શ્રીજી ટ્રસ્ટમાં ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે દિવ્યાંગ બાળક દ્વારા ધ્વજવંદન કરાવવામાં આવ્યું તેમજ યજ્ઞ રાખવામાં આવ્યો જેમાં આર્યસમાજ જૂનાગઢના અધિકારીઓ અને શ્રીજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ આહૂતિ આપી. આ પ્રસંગે સ્વાસ્થ્યવર્ધક સ્પર્ધા રાખવામાં આવી જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે દંડ-બેઠકની સ્પર્ધામાં છોકરાઓ કરતા છોકરીઓએ સારો દેખાવ કર્યો. આ પ્રસંગે બાળકોને આર્યસમાજ જૂનાગઢ દ્વારા ઈનામો આપવમાં આવ્યાં. કાર્યક્રમને સફળ બનાવવામાં આર્યસમાજના મંત્રીશ્રી કાંતિભાઇ કીકાણી, દિપકભાઇ આર્ય અને પ્રવીણાબેન વાઘેલાએ જહેમત ઉઠાવી હતી.




**આર્યસમાજ આણંદ** દ્વારા ૬૯મો પ્રજાસત્તાક દિવસ આર્યસમાજ મંદિરના આંગણે ધ્વજ ફરકાવી મનાવવામાં આવ્યો. રાષ્ટ્રધ્વજ આર્યસમાજના પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલાના હસ્તે ફરકાવવામાં આવ્યો. રાષ્ટ્રગીત ગાઇ આજના પર્વનું મહત્વ સમજાવવામાં આવ્યું. આ પ્રસંગે આર્યસમાજના અધિકારીઓ, સદસ્યો અને આર્યવીરો હાજર રહ્યાં હતાં.

## આર્યસમાજ રાજકોટમાં
# નિઃશુલ્ક નેત્રયજ્ઞ યોજાયો.

આર્યસમાજ, હાથીખાના, રાજકોટ દ્વારા શાખા આર્યસમાજ માયાણી નગર ખાતે ગત તા. ૨૮-૧-૨૦૧૮ રવિવારના રોજ ૧૮માં નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આંખોનું તમામ પ્રકારનું નિદાન, દવાઓ અને જરૂરિયાતમંદના ઓપરેશન નિઃશુલ્ક કરવામાં આવેલ હતાં. આ સેવા યજ્ઞનો ૭૦૩ લોકોએ લાભ લીધો હતો. ૪૫૩ વ્યક્તિને ચશ્મા આપવામાં આવેલ હતાં અને ૪૭ દર્દીઓના ઓપરેશન કરવામાં આવેલ હતાં.

આ નેત્રયજ્ઞમાં મુખ્ય અતિથિ તરીકે પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી પરસોત્તમભાઇ પરસાણા (પરસાણા કાસ્ટેક, રાજકોટ) હાજર રહ્યા હતા. તેઓનું વિશેષ સન્માન કરવામાં આવેલ હતું.

ડોકટરોએ માનદ્ સેવા આપી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં આર્યસમાજના પ્રમુખશ્રી રણજીતસિંહ પરમાર, મંત્રીશ્રી પ્રવીણચંદ્ર ઠાકર, કોષાધ્યક્ષશ્રી વિજયભાઇ બોરિચા, ઉપમંત્રીશ્રી નટવરસિંહ પરમાર અને સદસ્યોએ યોગદાન આપ્યુ હતું.

અનુસંધાન પાના નં ૨૬ પરનું ચાલુ...

### આર્યસમાજ, ગાંધીધામ

પરમાર (મહામંત્રી, આર્ય પ્રતિનિધિ સભા, ગુજરાત - અમદાવાદ) વગેરે હાજર રહ્યાં હતાં.

આ પ્રસંગે આર્યવીર દળ ટંકારાનો ભવ્ય વ્યાયામ પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જીવનપ્રભાતના બાળકોએ પણ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

જીવનપ્રભાતના કુલપિતામહ અને આર્યજગતના સ્તંભ આર્યપથિકશ્રી ગિરીશ ખોસલા વાનપ્રસ્થી (અમેરિકા)નો ૭૦મો જન્મદિવસ અને સન્માન રાખવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમ આર્યસમાજ ગાંધીધામના પ્રમુખશ્રી વાચોનિધિ આચાર્ય, ઉપપ્રમુખશ્રી મોહનભાઇ જાંગિડ, મંત્રીશ્રી ગુરુદત્ત શર્મા અને ટ્રસ્ટીગણની જહેમતથી સારી રીતે સંપન્ન થયો હતો.

# વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડ ખાતે
# આગામી ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર

પૂ. સ્વામી સત્યપતિજીના સાન્નિધ્યમાં આગામી ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર તા. ૨૫ માર્ચ થી ૧ એપ્રિલ ૨૦૧૮ (આઠ દિવસ) આચાર્ય સત્યજિતજીની અધ્યક્ષતામાં યોજાશે. શિબિરાર્થીએ તા. ૨૪ માર્ચના સાંજે ૪ સુધીમાં શિબિર સ્થળ વાનપ્રસ્થ સાધક આશ્રમ-રોજડ, જિ. સાબરકાંઠા ખાતે પહોંચવાનું રહેશે.

યોગ પ્રશિક્ષક - ૧. સ્વામી વિવેકાનંદ પરિવ્રાજક ૨. આચાર્ય સત્યજિતજી ૩. સ્વામી મુક્તાનંદજી ૪. આચાર્ય સંદિપજી ૫. આચાર્ય સોમદેવજી ૬. શ્રી ચંદ્રેશજી અને ૭. બ્ર. અરુણકુમાર આર્યવીર રહેશે.

શિબિરમાં ભાગ લેવા ઇચ્છનારે પોતાની નોંધણી ૧૦મી માર્ચ ૨૦૧૮ સુધીમાં કરાવવી. સ્વીકૃતિ મેળવનારને જ પ્રવેશ મળશે.

- શિબિર શુલ્ક રૂા. ૧૫૦૦/- રહેશે.
- સ્વીકૃતિ વિના આવનારને જો જગ્યા હશે તો જ પ્રવેશ મળશે. તેઓએ શિબિર શુલ્ક રૂા. ૨૦૦૦/- આપવાનું રહેશે.
- ૧૫ થી ૬૦ વર્ષની વય સુધીના અને નવી વ્યક્તિને પ્રથમ પ્રવેશ અપાશે.
- શિબિરમાં અનુશાસનનું પૂર્ણ પાલન કરવાનું રહેશે.
- શિબિરાર્થીએ વ્યક્તિગત જરૂરિયાતની વસ્તુઓ - સાદા (સફેદ અથવા પીળા) કપડાં, ટોર્ચ, નોટબૂક, પેન વગેરે સાથે લાવવાં.

શિબિર શુલ્ક રૂા. ૧૫૦૦ નીચેના બેંક ખાતામાં જમા કરાવી રોજડ ખાતે કાર્યાલયમાં જાણ કરવી.

બેંક ખાતાનું નામ : ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર
ખાતા નંબર : 01790100018052
બેંકનું નામ : બેંક ઓફ બડૌદા, ધનસુરા, જિ. અરવલ્લી
IFSC NO. : BARB0DHANSU

::: વધુ માહિતી માટે :::

વાનપ્રસ્થ સાધક આશ્રમ
આર્યવન, રોજડ, પો. સાગપુર, જિ. સાબર કાંઠા, પિન : ૩૮૩૩૦૭
ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭, ૨૯૧૫૫૫, મોબા. ૯૪૨૭૦ ૫૯૫૫૦

## આર્યસમાજ ભાવનગર દ્વારા

# અંધવિશ્વાસ નિરોધક વર્ષ મનાવવાનો પ્રારંભ

વર્ષ ૨૦૧૮ ને આર્યસમાજ દ્વારા અંધવિશ્વાસ નિરોધક મનાવવાના નિર્ણય રૂપે આર્યસમાજ ભાવનગર દ્વારા જો કોઇ કચેરીમાં લાંચ લેવી-દેવી એ ભ્રષ્ટાચાર છે? તો માનતા માટે મંદિરોમાં કરવામાં આવતાં ભોગ ભેટને આસ્થા કેવી રીતે કહેવાય તે વિશે આર્યસમાજ, સરદાર નગર ભાવનગર ખાતે તા. ૨૧-૧-૨૦૧૮ને રવિવારના રોજ વિચાર ગોષ્ઠી સંપન્ન થયેલ અને તેમાં આર્ય પરિવારજનો ઉપરાંત શહેરીજનો પણ ઉપસ્થિત રહેલ. ઉપસ્થિત તમામ લોકોએ દલીલો અને તર્કના આધારે આને આસ્થા ન કહેવાય પરંતુ અંધશ્રદ્ધા કહેવાય તેમ જણાવેલ અને દેશ તથા ધર્મને અંધવિશ્વાસના આ કુચક્રથી બચાવવા માટે એક બીજાને સહયોગ કરવા તથા આ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા પ્રત્યેક વર્ષને કોઇ વિશેષ વર્ષ તરીકે ઉજવવા નક્કી કરવામાં આવેલ છે. તે અનુસંધાને આર્યસમાજ ભાવનગર ચાલુ વર્ષને અંધશ્રદ્ધા નિરોધક વર્ષ તરીકે મનાવી રહ્યું છે.

કાર્યક્રમને સફળ બનાવવામાં આર્યસમાજ ભાવનગરના પ્રમુખશ્રી રાજેશભાઇ પારેખ અને સર્વે સદસ્યોએ જહેમત ઉઠાવી હતી.

# આર્યસમાજ અડાજણ (સુરત) પુસ્તક મેળામાં વૈદિક સાહિત્ય પ્રચાર


સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૭માં નેશનલ બુક ફેરમાં આર્યસમાજ અડાજણે ભાગ લીધો હતો. જેમાં વૈદિક સાહિત્ય વેચાણ અર્થે રાખવામાં આવેલ હતું. કેટલુંક સાહિત્ય અલ્પ મૂલ્ય કે નિઃશુલ્ક પણ આપવામાં આવેલ હતું.

આર્યસમાજના સ્ટોલની સેંકડો લોકોએ મુલાકાત લીધી હતી, અને સાહિત્ય ખરીદવામાં રૂચિ બતાવી હતી. આર્યસમાજનું સાહિત્ય પ્રમાણિત અને તાર્કિક હોવાથી ચિંતનશીલ અને બૌદ્ધિક વાચકો માટે ઉપયોગી થાય છે. આર્યસમાજ અડાજણ આવા લોકો માટે દર વર્ષે બુક ફેરમાં ભાગ લઇ તેઓની વાચનભૂખ સંતોષે છે, અને તેઓ આર્યસમાજની નજીક આવે છે.

આર્યસમાજ અડાજણના પ્રમુખશ્રી નીતિનભાઇ શેઠના માર્ગદર્શન અને ભૂ. પૂ. પ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઇ વૈદ્યની પ્રેરણાથી શ્રી દીપકભાઇ ભગતજી, પીયૂષભાઇ સોની વગેરે આર્ય ભાઇ-બહેનોએ બૂકસ્ટોલમાં સેવા આપી હતી.

# આર્યસમાજ ગાંધીધામનો વાર્ષિક ઉત્સવ સંપન્ન

## આર્ય પથિક શ્રી ગિરીશ ખોસલાજીનું વિશેષ સન્માન કરાયું



આર્યસમાજ ગાંધીધામનો વાર્ષિક ઉત્સવ ગત તા. ૧૨-૧૩-૧૪ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ભવ્યતાથી ઉજવાયો. આ પ્રસંગે આચાર્યા નંદિતા શાસ્ત્રીની અધ્યક્ષતામાં આત્મ કલ્યાણ સંકલ્પ મહાયજ્ઞ ત્રણેય દિવસ રાખવામાં આવ્યો. જેમાં પ્રતિદિન ૧૧ કુંડો ઉપર યજમાનો બિરાજમાન થયાં હતાં. પ્રથમ દિવસે યજ્ઞ બાદ ધ્વજારોહણ શ્રી ખોસલાજીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

સાયંકાલીન વેળાએ ગાંધીધામ નગરમાં ભવ્ય શોભાયાત્રા રાખવામાં આવેલ હતી. જેમાં વિવિધ ફ્લોટ, આર્યવીરો દ્વારા વ્યાયામ પ્રદર્શન, વિવિધ આર્યસમાજોના પ્રતિનિધિઓ સામેલ થયાં હતાં.

પ્રતિદિન વિવિધ સંમેલનો રાખવામાં આવેલ હતાં. સ્વામી શાંતાનંદ સરસ્વતી (ભવાનીપુર, કચ્છ), આચાર્યા નંદિતા શાસ્ત્રી (પાણિનિ કન્યા મહાવિદ્યાલય, વારાણસી), માતા સાધ્વી ઉત્માયતિજી (પ્રધાના, સાર્વદેશિક આર્ય વીરાંગના દળ), શ્રી આર્યતપસ્વી સુખદેવજી (દિલ્લી), પંડિત કમલેશકુમાર અગ્નિહોત્રી (અમદાવાદ), બહેન શ્રીમતી જહાન્વીજી (આચાર્યકુલમ, હરિદ્વાર) વગેરે વિદ્વાનોએ માર્ગદર્શન આપેલ હતું.

વિશેષ અતિથિ તરીકે આદરણીયશ્રી સુરેશચંદ્રજી આર્ય (પ્રધાન સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા, દિલ્લી), શ્રી વિનય આર્યજી (મહામંત્રી, આર્ય પ્રતિનિધિ સભા, દિલ્લી), શ્રી ભુવનેશજી ખોસલા (મહામંત્રી, આર્ય પ્રતિનિધિ સભા, અમેરિકા), શ્રી વિશ્રુતજી આર્ય (પ્રધાન, આર્ય પ્રતિનિધિ સભા, અમેરિકા), સુનિલ માનકટાલાજી (ઉદ્યોગપતિ, મુંબઇ), રણજીતસિંહ પરમાર (પ્રધાન, બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભા, રાજકોટ), શ્રી હસમુખભાઇ

અનુસંધાન પાના નં. ૨૩ પર...

# આર્યસમાજ જામનગરની ચૂંટણી સંપન્ન
# નવી અંતરંગ સભાની વરણી કરાઇ.

આર્યસમાજ જામનગરની સત્ર ૨૦૧૮ - ૨૦ માટે નવી અંતરંગ સભાની ચૂંટણી શ્રી મહેશભાઇ રામાણીની અધ્યક્ષતામાં યોજાતા સર્વાનુમતે નીચે મુજબ વરણી કરવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| પ્રમુખ | - | શ્રી દીપકભાઇ જયંતીલાલ ઠક્કર |
| ઉપપ્રમુખ | - | શ્રીમતી કીર્તિબેન નિર્ભયભાઇ ભટ્ટ |
| મંત્રી | - | શ્રી ડૉ. અવિનાશભાઇ મગનભાઇ ભટ્ટ |
| ઉપમંત્રી | - | શ્રીમતી પૂનમબેન જવાહરભાઇ ખન્ના |
| કોષાધ્યક્ષ | - | શ્રી વિનોદભાઇ મગનલાલ નાંઢા |
| પુસ્તકાધ્યક્ષ | - | શ્રી દીપકભાઇ ભરતભાઇ નાંઢા |
| અંતરંગ સદસ્ય | - | શ્રી ડૉ. ધીરૂભાઇ મગનભાઇ ભટ્ટ |
| અંતરંગ સદસ્ય | - | શ્રી નરેન્દ્રભાઇ છગનભાઇ મહેતા |
| અંતરંગ સદસ્ય | - | શ્રી જગદીશભાલ પરસોત્તમભાઇ મકવાણા |
| અંતરંગ સદસ્ય | - | શ્રી ભરતભાઇ ગોવિંદભાઇ આશાવર |
| અંતરંગ સદસ્ય | - | શ્રી ધીરજલાલ મગનભાઇ નાંઢા |
| અંતરંગ સદસ્ય | - | આર્યનભાઇ નિર્ભયભાઇ ભટ્ટ |
| અંતરંગ સદસ્ય | - | અરવિંદભાઇ દામજીભાઇ મહેતા |

આર્ય વિદ્યા સભા

| | | |
|---|---|---|
| પ્રમુખ | - | શ્રી દીપકભાઇ જયંતીલાલ ઠક્કર |
| મંત્રી | - | શ્રી ડૉ. અવિનાશભાઇ મગનભાઇ ભટ્ટ |
| સદસ્ય | - | શ્રી સત્યદેવભાઇ રામચંદ્રભાઇ વલેરા |
| સદસ્ય | - | શ્રી પ્રભુલાલ દામજીભાઇ મહેતા |
| સદસ્ય | - | શ્રીમતી જાગૃતિબેન અવિનાશભાઇ ભટ્ટ |
| સદસ્ય | - | શ્રી વિજયભાઇ પ્રવીણચંદ્ર ચૌહાણ |
| સદસ્ય | - | શ્રી મનોજભાઇ કાંતિલાલ નાંઢા |

**પ્રાંતીય સભા તરફથી સૌને અભિનંદન.**

# આર્યસમાજ નેત્રંગ કરશે "વૈદિક વાત્સલ્ય ધામ"ની થશે સ્થાપના

## આગામી ૨૫ ફેબ્રુઆરીએ થશે શિલાન્યાસ

આર્યસમાજ નેત્રંગ અને આદિવાસી પછાત વર્ગ વિકાસ મંડળ દ્વારા નેત્રંગ જિ. ભરૂચ ખાતે વનવાસી લોકોના કલ્યાણ માટે વૈદિક વાત્સલ્ય ધામની યોજનાએ સાકારરૂપ લીધુ છે. વનવાસી લોકો મોટે ભાગે અશિક્ષિત અને ગરીબ છે. તેઓની આ નબળાઇનો ગેરલાભ વિધર્મીઓ ઉઠાવે છે. અને લોભ લાલચ આપી તેઓને સ્વધર્મથી ચલિત કરે છે. આ ક્ષેત્રમાં વિધર્મીઓની જાળ દૂર-દૂર સુધી ફેલાયેલી છે. જેને ભેદવા કેટલીક સંસ્થાઓ સક્રીય ભૂમિકા ભજવે છે. પરંતુ આર્યસમાજનું પ્રચાર કાર્ય નહીંવત્ છે. આથી સ્થાયીરૂપે વૈદિક ધર્મનું કાર્ય થાય, તેઓના બાળકો શિક્ષણ મેળવી શકે, તેઓની સામાજિક ઉન્નતિ થાય, યજ્ઞ અને સંસ્કારો કરાવતા થાય, આર્થિક રીતે પગભર બને વગેરે બાબતો કેન્દ્રમાં રાખીને આર્યસમાજ નેત્રંગ અને આદિવાસી પછાત વર્ગ કલ્યાણ મંડળ દ્વારા વૈદિક વાત્સલ્ય ધામની યોજના બનાવવામાં આવેલ છે.

આ યોજનાનો પ્રારંભ અને ભવન નિર્માણનો શિલાન્યાસ કાર્યક્રમ આગામી તા. ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮ ના દિવસોમાં રાખવામાં આવેલ છે.

શિલાન્યાસ વિધિ માનનીય વિધાયકશ્રી છોટુભાઇ વસાવા અને માનનીય વિધાયકશ્રી મહેશભાઇ વસાવાના કરકમલો દ્વારા સંપન્ન થશે. જેનું અધ્યક્ષ સ્થાન સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા અને ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખશ્રી સુરેશચંદ્ર આર્ય સંભાળશે. આ પ્રસંગે સ્વામી શાંતાનંદજી સરસ્વતી (ગુરુકુળ ભવાનીપુર - કચ્છ) અને ડૉ. ઉમાશંકર આર્ય (સુરત) અને બ્ર. દિનેશકુમાર, વિશિષ્ટ જન પ્રતિનિધિશ્રી પરેશકુમાર વસાવા (અધ્યક્ષ, ઉત્પાદક સહકાર, સિંચાઇ વિભાગ, જિલ્લા પંચાયત, ભરૂચ) નું સાન્નિધ્ય પ્રાપ્ત થશે.

વિશેષ અતિથિ તરીકે શ્રી અરૂણકુમાર અબરોલ (મંત્રી, આર્ય પ્રતિનિધિ સભા, મુંબઇ), શ્રી મનસુખભાઇ વેલાણી (પ્રમુખ આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ, રોજડ), શ્રી રણજીતસિંહ પરમાર (ઉપપ્રમુખ શ્રી બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સાભા-રાજકોટ), શ્રી સુરેશભાઇ ચાવડા (પ્રમુખશ્રી વૈદિક મહાસભા, રાજકોટ), શ્રી હસમુખભાઇ પરમાર (મંત્રી, ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા, અમદાવાદ) વગેરે ઉપસ્થિત રહેશે.

વિશેષ સહયોગી સંસ્થાન સમર સર્જિકલ હોસ્પિટલ-ભરૂચ, નંદિની યોગ સેવા ટ્રસ્ટ, સુરત, ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ અને વૈદિક સંસ્થાન ઓઢવ-અમદાવાદ રહેશે.

# સાહિત્ય યજ્ઞનું નવું સોપાન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા નીચે મુજબનાં પુસ્તકોનું શ્રી નાથુભાઇ ડોડીયા (ભરુચ)ના સહયોગથી કરવામાં આવશે.

**૧. આદર્શ પરિવાર :** લેખક - સ્વામી જગદીશ્રવરાનંદ સરસ્વતી, ગુજરાતી અનુવાદક વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર. આની પ્રથમ આવૃત્તિ આર્યસમાજ સૈજપુર બોઘા, અમદાવાદ દ્વારા પ્રકાશિત થઇ હતી. લગ્ન વેળાએ વિતરણ માટે ઉત્તમ પુસ્તક. આ પુસ્તકના ૧૪૪ પૃષ્ઠ છે. જેની કિંમત રૂા. ૨૪-૦૦ છે. પ્રતના અગ્રિમ સહયોગીના નામ પુસ્તકમાં છાપવામાં આવશે.

**૨. મૃત્યુ વિમર્શ :** લેખક - નાથુભાઇ ડોડિયા. આમા મૃત્યુ પરિચય, મૃત્યુ નિશ્ચિત છે કે અનિશ્ચિત? મૃત્યુના પ્રકાર, અંત્યેષ્ઠિ સંસ્કાર, મૃત્યુ પછી કેટલાં સમયમાં બીજો જન્મ થાય છે? મૃત્યુ પ્રભાવ, બારમાની વિધિ, ગાયને પુંછડે પાણી શા માટે પીવડાવવામાં આવે છે. ગરૂડ પુરાણની સમીક્ષા વગેરે માહિતી આપવામાં આવી છે. સ્વજનના મૃત્યુ પ્રસંગે વિતરણ માટે ઉપયોગી છે. આ પુસ્તકના ૫૬ પૃષ્ઠ છે. જેની કિંમત રૂા. ૮-૦૦ અને ૧૦૦ પ્રતના અગ્રિમ સહયોગીના નામ અને ૩૦૦ પ્રતના અગ્રિમ સહયોગીના ફોટા છપાશે.

**૩. પૌરાણિક કથાઓનું વૈદિક સ્વરૂપ :** લેખક - નાથુભાઇ ડોડિયા. રામાયણ અને પુરાણોમાં કેટલીક કથાઓ આવે છે જે અનૈતિક અને અસંભવિત છે અને તેનો રામાયણ કે પુરાણોની કથા સાથે સીધો સંબંધ નથી. જેમ કે રામચરિતમાનસમાં આવતી દક્ષપ્રજાપતિ, શિવ અને સતિની કથા. આ કથાઓનું મૂળ વૈદિક સ્વરૂપ શું છે તે અંગે પ્રકાશ પાથરવામાં આવ્યો છે. આ એક સંશોધાત્મક પુસ્તક છે. આ પુસ્તકના ૧૧૨ પૃષ્ઠ છે. જેની કિંમત રૂા. ૧૪-૦૦ છે અને પૃષ્ઠ ૫૦ પ્રતના અગ્રિમ સહયોગી નામ અને ૨૦૦ પ્રતના અગ્રિમ સહયોગીના ફોટા છપાશે.

**૪. રામરાજ્ય વિમર્શ :** લેખક - નાથુભાઇ ડોડિયા. ભરત શ્રીરામને મળવા માટે ચિત્રકુટ જાય છે. ત્યાં શ્રીરામ રાજ્યની પરિસ્થિતિ અંગે પ્રશ્ન પૂછે તે દ્વારા, રામરાજ્ય કેવું હોવુ જોઇએ તેની માહિતી તેની માહિતી પ્રાપ્ત થય છે. આર્યસમાજ રાજકોટ દ્વારા ગુજરાતીમાૃ પ્રકાશિત વાલ્મીકી રામાયણમાં આ અંગે ૫૬ શ્લોક છે. આને અનુમોદન આપતા મનુસ્મૃતિના શ્લોકો તથા આજની લોકશાહીમાં શ્રીરામનો આ ઉપદેશ કેટલા અંશે ઉપયોગી છે તેની ચર્ચા - વિચારણા કરવામાં

અનુસંધાન પાના નં ૨૧ પર...

# આર્યસમાજ વડોદરા દ્વારા
# વનવાસી ક્ષેત્રમાં ૨૧ કુંડીય યજ્ઞનું થયું આયોજન




ગત તા. ૩૧-૧૨-૨૦૧૭ ના રોજ છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના છોડવાણી ગામે ધર્મ સંમેલનનું આયોજન સ્થાનિક રામદેવપીરે આચાર્ય શ્રી શંકરગિરિ તથા શ્રી રામદેવપીર સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં વનવાસી પરિવારોમાં સ્વધર્મ પ્રત્યે જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ ધર્માચાર્યોને આમંત્રણ આપવામાં આવેલ હતું. આર્યસમાજ વડોદરાને પણ આ કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રણ મળતા આર્યસમાજ દ્વારા ૨૧ કુંડી યજ્ઞ રાખવામાં આવેલ હતો. જેમાં ૩૦ જેટલાં વનવાસી પરિવારો યજમાન બન્યા હતા અને ધન્યતા અનુભવી હતી.

વનવાસી પરિવારોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે તેમજ ખેતી નહીંવત હોય અન્ય રોજગારના સાધનો પણ ન હોવાથી મોટાભાગના લોકો સ્થાનિક અથવા ગુજરાતના વિવિધ ક્ષેત્રોમાં જઈને મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આર્થિક સ્થિતિ ઘણી નબળી છે. જેનો ગેરલાભ વિધર્મીઓ ઉઠાવે છે. તેમાંથી બચાવવા આ ધર્મસંમેલનનું આયોજન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે રામદેવપીર મંદિરના યુવા સંન્યાસી સ્વામી નિજાનંદગિરિએ પ્રેરણાદાયી ઉદ્‌બોધન કરી મહર્ષિ દયાનંદ સરસ્વતીના કાર્યોને બિરદાવ્યા હતાં. પ્રાંતીય સભાના મંત્રી શ્રી હસમુખભાઇ પરમારે યજ્ઞનો મહિમા સમજાવ્યો હતો.

આર્યસમાજ વડોદરાના અધિકારીઓ પ્રમુખશ્રી વર્માજી, મંત્રીશ્રી ભગવાન સ્વરૂપજી, ગુજ. પ્રા. સભાના મધ્ય ગુજરાત ક્ષેત્રના ઉપમંત્રીશ્રી ભરતભાઇ પટેલ તેમજ અન્ય સદસ્ય ભાઇ-બહેનોએ જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમમાં બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના પ્રમુખ અને ગુજ. આર્ય પ્રતિનિધિ સભાના ઉપપ્રમુખશ્રી રણજીતસિંહ પરમાર, પ્રવીણચંદ્ર ઠાકર (મંત્રી આર્યસમાજ રાજકોટ) ઉપસ્થિત રહ્યાં હતાં.

# આર્યસમાજ વઢવાણ

# ચતુર્વેદ શતક પારાયણ યજ્ઞ અને વેદકથા



આર્યસમાજ વઢવાણ (જિ. સુરેન્દ્રનગર)ના ભવન નિર્માણના રજત જયંતી નિમિત્તે ચતુર્વેદ શતક પારાયણ યજ્ઞ અને વેદકથાનું આયોજન ગત તા. ૯ થી ૧૩ જાન્યુઆરી ૨૦૧૮ના કરવામાં આવેલ હતું. જેના બ્રહ્માસ્થાને આચાર્ય દેવેન્દ્રજી (કછોલી) રહ્યા હતાં.

આર્યસમાજ વઢવાણ બાળકો, યુવાનો, અને મહિલાઓના જીવન ઘડતર માટે અવાર-નવાર વિવિધ પ્રકારનાં આયોજન કરે છે. ચતુર્વેદ શતક પારાયણ યજ્ઞ અને વેદકથાનો હેતુ પણ આવા જ ઉદેશ્યનો એક ભાગ રહ્યો હતો. ચારેય વેદોનાં ૧૦૦-૧૦૦ મંત્રોનો હોમાત્મક યજ્ઞ અને કેટલાંક મંત્રોના ભાવાર્થ સાથે વેદકથા આચાર્યજી દ્વારા કરવામાં આવી હતી. પોતાના ઉદ્‌બોધનમાં આચાર્યજીએ જણાવ્યું કે સમગ્ર માનવ જાતના કલ્યાણ અર્થે પરમપિતા પરમાત્માએ આદિસૃષ્ટિમાં વેદોનું જ્ઞાન આપેલ છે. જે ઋષિ પરંપરા મુજબ આ જ પર્યંત આપણ સુધી પહોંચ્યું છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીનો ઉપકાર રહ્યો કે આપણે વેદોથી દૂર જતા રહ્યાં હતાં. જે તેમણે પુનઃ આપણા સુધી પહોંચાડયા અને વેદ ભણવાનો તમામ માનવજાતને અધિકાર છે એવી ઘોષણા કરી.

આ કાર્યક્રમની પૂર્ણાહૂતિ પ્રસંગે ૧૧ કુંડીય યજ્ઞ રાખવામાં આવેલ હતો. જેમાં બહોળી સંખ્યામાં ધર્મપ્રેમી લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે વઢવાણ નગરપાલિકાના પ્રમુખ વિક્રમભાઇ દવે, વઢવાણ શહેર યુવા ભાજપના જગદીશભાઇ પરમાર, પાલિકા સદસ્ય ભાવેશભાઇ લકુમ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે આર્યસમાજ વઢવાણના નિષ્ઠાવાન કાર્યકર ભાઇ-બહેનો, વિદ્વાનો, મહેમાનો, કાર્યકર્તાઓ વગેરેનું સન્માન કરવામાં આવેલ હતું. પાંચ દિવસીય કાર્યક્રમમાં એક દિવસના અતિથિ તરીકે રણજીતસિંહ પરમાર (પ્રમુખ બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભા) ઉપસ્થિત રહ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમ આર્યસમાજ વઢવાણના પ્રમુખ શામજીભાઇ પરમાર, ગગજીભાઇ, નરશીભાઇ મકવાણા, ભીખુબેન, ગીતાબેન વગેરેની જહેમતથી સમ્પન્ન થયો હતો.

# આર્યાભિવિનય

BOOK-POST

य ऽ इमा विश्वा भुवनानि जुह्वदृषिर्होता न्यसीदत् पिता नः।
स ऽ आशिषा द्रविणमिच्छमानः प्रथमच्छदवरा २ ऽ आविवेश॥
यजुर्वेद० १७.१७॥ २८॥

**વ્યાખ્યા :** હોતા (જગતની) ઉત્પત્તિ સમયે આપનાર અને પ્રલય સમયે સર્વને લેનાર પરમાત્મા જ છે. ऋषिः સર્વજ્ઞ આ સર્વ લોક લોકાંતર ભુવનોનો પોતાના સામર્થ્યથી કારણમાં હોમ (પ્રલય) કરીને ન્યસીદત્ નિત્ય અવસ્થિત રહે છે. તે જ અમારા પિતા છે. ફરીથી જ્યારે દ્રવિણમ્ દ્રવ્યરૂપ જગતને સ્વેચ્છાથી ઉત્પન્ન કરવા ધારે છે, ત્યારે તે પોતાના સામર્થ્યથી (ઉપાદાન કારણ અનાદિ મૂળ પ્રકૃતિ માંથી) યથાયોગ્ય વિવિધ જગતને સહજ રચે છે. આ ચરાચર વિસ્તીર્ણ જગતને સહજ સ્વભાવથી રચે છે. પ્રથમચ્છત્ આ ચરાચર વિસ્તીર્ણ જગતને રચીને - બનાવીને અનંત સ્વરૂપથી આચ્છાદિત કરે છે અને તેમાં અંતર્યામી સાક્ષી સ્વરૂપ થઇને પ્રવિષ્ટ થઇ રહ્યો છે, અર્થાત્ બહાર અને અંદર પરિપૂર્ણ થઇને રહેલ છે. તે જ નિશ્ચિતપણે આપણો પિતા છે. તેની સેવા છોડીને જે મનુષ્ય અન્ય મૂર્તિ આદિની સેવા-પૂજા કરે છે, તે કૃતઘ્નતા આદિ મહાદોષયુક્ત બનીને સદા દુઃખનો ભાગી બને છે. જે મનુષ્ય પરમ દયામય પિતાની આજ્ઞામાં રહે છે, તે સર્વ પ્રકારના આનંદનો સર્વદા ભોગ કરે છે.


**RNI Registration No. GujGuj/2015/63289**
**Posted at Rajkot - RMS on 6th of every Months**
**Postal Regd. No. Rajkot / 672 / 2015 - 17**



**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ, ટંકારા,**
**પિન : ૩૬ ૩૬ ૫૦, જિ. મોરબી.**


**પ્રતિ**


Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj , Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL